મુક્તિ, લોકશાહી અને ન્યાય

**ભાગ 1 – મૂળભૂત અધિકારો**

કલમઃ 1 – બલોચિસ્તાન ઉપર ગેરકાયદે કબજો કરવામાં આવ્યો હોવાથી મુક્ત અને લોકશાહી બલોચિસ્તાનની મુક્તિ માટે સંઘર્ષ કરવો એ કાનૂની અન્ય ન્યાયસંગત છે.

કલમઃ 2 – બલોચ રાષ્ટ્રીય સંઘર્ષ એ સમાજના તમામ સભ્યો માટે જીવનના અધિકાર, સંરક્ષણ, સ્વ-રક્ષણ તથા સમાનતાના અધિકારના સિદ્ધાંત જેવા અત્યંત મૂળભૂત સિદ્ધાંતો માટે છે.

કલમઃ 3 – બલોચ રાષ્ટ્રીય સંઘર્ષ છેવટે પ્રત્યેક વ્યક્તિની નૈતિક સર્વોપરિતા માટે છે અને કોઈ હેતુ સિદ્ધ કરવાના આખરી સાધન તરીકે. એ આધાર પર આ સંઘર્ષ દરેકને સમાન ગણે છે.

કલમઃ 4 – બલોચ રાષ્ટ્રીય સંઘર્ષ સેક્યુલર ચળવળ છે. આ સંઘર્ષ ધર્મને રાજ્ય તેમજ રાકારણથી અલગ કરવા માટે છે. તે કોઇપણ ધાર્મિક અથવા વૈચારિક બંધનથી વિરુદ્ધ તર્કસંગત સત્તા માટે છે.

કલમઃ 5 – ધર્મ, માન્યતા તેમજ અભિવ્યક્તિની સ્વતંત્રતાનો બલોચિસ્તાનના નાગરિકોના સૌથી મૂળભૂત અધિકારોમાં સમાવેશ થાય છે. પ્રત્યેક વ્યક્તિ કોઇપણ ધર્મ અથવા બિનરૂઢિચૂસ્ત માન્યતાને અનુસરવા મુક્ત છે, સિવાય કે એમ કરવામાં તેઓ તેમનો ધર્મ અથવા માન્યતા બીજા ઉપર નહીં લાદે અને એ રીતે અન્ય લોકોની માન્યતાની સ્વતંત્રતાનો ભંગ નહીં કરે.

કલમઃ 6 – બલોચ લોકશાહી ચળવળ એ સાચા અર્થમાં મુક્તિ અને સ્વતંત્રતાની ચળવળ છે. તે એ હકીકતનો સ્વીકાર અને સન્માન કરે છે કે માનવીય કલ્પનાશક્તિને કોઈ મર્યાદા નથી. આ ચળવળ માનવીય ગુણને માનવજાતના સર્વોચ્ચ ગુણ પૈકી એક ગણે છે. માનવીય સ્વભાવનો આ ગુણ મૂળભૂત સત્વ છે અને મુક્ત વિચાર તથા અભિવ્યક્તિ માટે કારણભૂત છે. અમે આ માનવીય ગુણનું જતન કરીએ છીએ તથા ઉદાર અને મુક્ત સમાજના વિકાસને પ્રોત્સાહન આપવા તત્પર છીએ. કલ્પનાશક્તિ સાથેનું જોડાણ વ્યક્તિના અસ્તિત્વથી અલગ કરી શકાતું નથી. કોઇપણ સ્વરૂપનો કટ્ટરવાદ તેના દમનકારી વલણ દ્વારા માનવીય કલ્પનાશક્તિ તથા વિચારપ્રક્રિયા ઉપર અવરોધ મૂકે છે અને એ માનવ સ્વભાવ તેમજ જન્મના અધિકાર વિરોધી બાબત છે. આથી, બલોચ લોકશાહી સંઘર્ષ મુક્ત કલ્પનાશીલતા, વિચાર તેમજ અભિવ્યક્તિને તેની પ્રાથમિકતાઓમાં સ્થાન આપે છે.

કલમઃ 7 – આ ચળવળ માનવીય કલ્પનાશક્તિની એ અનંત ક્ષિતિજનું અનુસરણ કરે છે કે, વિચાર, સમજ, અભિપ્રાય તેમજ માન્યતાઓમાં વૈવિધ્ય રહેશે. માત્ર આ મુદ્દે બલોચિસ્તાનના

નાગરિકોની વિચાર તથા અભિવ્યક્તિની સ્વતંત્રતાના ઉલ્લંઘનને તેમના કુદરતી અધિકાર તથા ન્યાયની વિરુદ્ધ ગણવામાં આવશે.

કલમઃ 8 – પુરુષો અને મહિલાઓ વચ્ચેની સમાનતા બલોચિસ્તાન લોકશાહી ચળવળના મૂળભૂત સિદ્ધાંતો પૈકી એક છે. મુક્ત અને લોકશાહી બલોચિસ્તાનમાં પુરુષો અને મહિલાઓને સમાન ગણવામાં આવશે તથા કાયદા હેઠળ તમામ અધિકાર, સંરક્ષણ તથા સ્વતંત્રતા મેળવશે. આ સમાનતા નાગરિક, આર્થિક, શૈક્ષણિક, સામાજિક, સાંસ્કૃતિક તથા રાજકીય એમ સમાજના દરેક ક્ષેત્રમાં એક સમાન રહેશે.

**ભાગ – 2: સંઘર્ષની સર્વસમાવેશી પદ્ધતિ**

કલમઃ 9 – મુક્ત અને લોકશાહી બલોચિસ્તાન માટેનો બલોચ રાષ્ટ્રીય સંઘર્ષ સર્વસમાવેશી (ઇન્ક્લુઝિવ) છે. તે બલોચિસ્તાનમાં તેમજ બલોચિસ્તાનની બહાર રહેતા તમામ લોકો માટે છે. તેમાં સ્વતંત્રતા ઇચ્છતા તમામ પુરુષો, સ્ત્રીઓ તથા બાળકોનો સમાવેશ થાય છે, ભલે તેમની રાજકીય વિચારધારા, વંશીય પૃષ્ઠભૂ અથવા વૈચારિક અને ધાર્મિક માન્યતા ગમે તે હોય.

કલમઃ 10 – બલોચ સ્વતંત્રતા સંઘર્ષ એ સંઘર્ષની વિવિધ પદ્ધતિનું એકીકૃત (પોર્ટફોલિયો) સ્વરૂપ છે – તે મુક્ત અને સ્વતંત્ર બલોચિસ્તાનનું ધ્યેય હાંસલ કરવા માટે બલોચ તેમજ આંતરરાષ્ટ્રીય સમુદાયના સહકારનું સન્માન કરે છે. સંઘર્ષના અલગ અલગ સ્વરૂપમાં વ્યક્તિગત પક્ષીય રાજકારણ, સંગઠિત યુનિયનો જેવા કે, મજૂર સંગઠનો, વિદ્યાર્થી સંગઠનો, મહિલા સંગઠનો, લેખક સંગઠનો, વકીલ સંગઠનો, પત્રકાર સંગઠનો, ખેડૂત સંગઠનો વગેરેનો સમાવેશ થશે. તેમાં (વૈચારિક) દબાણ ઊભું કરે શકે તેવાં જૂથ, માનવ અધિકાર કર્મશીલો, પર્યાવરણવાદીઓ, રાજ્યની હિંસાનો ભોગ બનેલા લોકોના પરિવારો, પરમાણુ-વિરોધી ચળવળકારો, યુદ્ધ-વિરોધી ચળવળકારો તથા સ્વ-રક્ષણ માટે અમલમાં મૂકવામાં આવે તેવા સંઘર્ષના વિવિધ સ્વરૂપ સહિત નાગરિક અસહકારનો સમાવેશ થાય છે.

કલમઃ 11 – કબજો કરનાર રાજ્યની છદ્મ સંસદમાં ભાગ લેવો એ આ ઠરાવની તદ્દન વિરોધી બાબત છે. નિયંત્રણ માટેની આ સામ્રાજ્યવાદી વ્યવસ્થાઓમાં ભાગ લેવાથી સ્વતંત્રતા હાંસલ કરવા માટેના આપણા સંઘર્ષમાં અવરોધ પેદા થશે. આમ, એવા કોઇપણ વ્યક્તિ કે રાજકીય સંગઠન જે આ ઠરાવને મંજૂર કરતા હોય તે પાકિસ્તાની અથવા ઇરાનની બોગસ સંસદીય સિસ્ટમમાં ભાગ લઈ શકશે નહીં.

કલમઃ 12 – સ્વતંત્રતા સંઘર્ષના તમામ સ્વરૂપ આંતરરાષ્ટ્રીય કાયદા તથા માનવ અધિકાર સમજૂતીઓના માળખામાં રહેશે.

### ભાગ – 3: રાજકીય સિસ્ટમનું કાયદેસરપણું

કલમઃ 13 – બલોચ સ્વતંત્રતા સંઘર્ષનું અંતિમ ધ્યેય બલોચ દેશના ભાગ્યને બલોચ પ્રજાના હાથમાં સોંપવાનું છે.

કલમઃ 14 – બલોચિસ્તાનનું સંચાલન કરનાર રાજકીય સિસ્ટમનું કાનૂની તથા નૈતિક કાયદેસરપણું બલોચિસ્તાનના સ્વતંત્ર થયેલા લોકોના નિર્ણય ઉપર રહેશે, જેઓ યુએન તથા અન્ય સ્વતંત્ર સંસ્થાઓ દ્વારા સંચાલિત અને રાષ્ટ્રીય તેમજ આંતરરાષ્ટ્રીય મિડિયાની હાજરીમાં યોજાનાર મુક્ત અને લોકશાહી પદ્ધતિની ચૂંટણી દ્વારા પસંદ થયા હશે.

કલમઃ 15 – બલોચિસ્તાન ગેરકાયદે કબજામાંથી મુક્ત ન હોય ત્યાં સુધી બલોચિસ્તાનમાં કોઇપણ  રાજકીય સિસ્ટમને નૈકિત માન્યતા અને કાયદેસરતા નથી. બલોચિસ્તાનમાં પ્રતિનિધિત્વ લોકશાહી તથા પ્રજાના સાર્વભૌમત્વને માત્ર એ સંજોગોમાં જ કાનૂની માન્યતા રહે છે જો રાજકીય સત્તાનું સંચાલન બલોચ પ્રજાના નામે નહીં પરંતુ ખૂદ પ્રજા દ્વારા જ થતું હોય.

કલમઃ 16 – કબજો કરનારી સત્તા દ્વારા સંચાલિત રાજકીય સત્તાનું માળખું સ્વીકાર્ય નથી અને તેમાં બલોચિસ્તાનના નાગરિકોની સાર્વભૌમ ઇચ્છાનું પ્રતિબિંબ પડતું નથી. આવી દમનકારી રાજકીય સિસ્ટમ સ્વતંત્રતા અને લોકશાહી માટે પ્રતિકૂળ છે.

કલમઃ 17 – ગેરકાયદે કબજા દ્વારા તાબા હેઠળ રાખવામાં આવેલા રાષ્ટ્રની લોકશાહીની દેખીતી સમસ્યાનો ઉકેલ તો જ આવી શકે જો તેને તાબામાંથી મુક્ત કરવામાં આવે. બલોચિસ્તાન જ્યાં સુધી વર્તમાન સામ્રાજ્યવાદી ભૂ-રાજકીય સરહદ તથા કાયદા હેઠળ જકડાયેલું રહેશે ત્યાં સુધી બલોચિસ્તાનમાં લોકશાહી, ન્યાય તથા માનવ અધિકારોનું સન્માન માત્ર સૂત્રોમાં મર્યાદિત રહેશે.

કલમઃ 18 – જે દેશ ગેરકાનૂની કબજા હેઠળ ન હોય ત્યાં જ નાગરિક અને રાજકીય અધિકારો અર્થપૂર્ણ રહી શકે અને ત્યાં જ નાગરિકો લોકશાહીની આશા રાખી શકે તથા તેમની પોતાની રાજકીય સત્તાનો ઉપયોગ કરવા મુક્ત હોય, જે બહારથી બહારથી લદાયેલી ન હોય.

કલમઃ 19 – ઐતિહાસિક અન્યાય તથા શોષણમાંથી સંપૂર્ણ મુક્તિ ન મળી શકે. જે દેશ ભૂતકાળમાં અતિશય અન્યાયનો ભોગ બન્યો હોય તેને કોઇપણ સરકારી સિસ્ટમ તમામ અન્યાયમાંથી મુક્તિ ન અપાવી શકે. પરંતુ સ્વતંત્રતા, માનવ અધિકાર, સામાજિક ન્યાય, સમાન તક તથા આર્થિક ક્ષમતાના સિદ્ધાંતો પર ચાલતી લોકશાહી રાજકીય વ્યવસ્થા એ એવી સિસ્ટમ છે જે બલોચિસ્તાનમાં લાગુ કરી શકાય એવી તેમજ સંચાલિત કરી શકાય એમ છે.

**ભાગ – 4: અર્થપૂર્ણ લોકશાહી અને શાંતિ**

કલમઃ 20 – અર્થપૂર્ણ લોકશાહીની ગેરેન્ટી માટેની આવશ્યક જરૂરિયાત એ છે કે, લોકશાહી વાતાવરણની જોગવાઈ હોવી જોઇએ. તેમાં અન્ય બાબતોની સાથે સાથે મુક્ત મિડિયા તથા અખબારો, સ્વતંત્ર ન્યાયતંત્ર, એકઠા થવાની તથા સંગઠનની સ્વતંત્રતા, આર્થિક તકોમાં સમાનતા, પૂરતું શિક્ષણ તથા બહુ-પક્ષીય રાજકારણ વગેરે હોય એ જરૂરી છે. આ બધી જરૂરી બાબતોની ગેરહાજરીમાં લોકશાહી સાવ કહેવા પૂરતી જ રહે છે અને તેનો દૂરૂપયોગ લશ્કરી કબજાના વર્ચસ્વને સંતાડવાના સાધન તરીકે કરવામાં આવે છે.

કલમઃ 21 – સામ્રાજ્યવાદી રાજ્યોએ કેદ કરેલા તમામ બલોચ રાજકીય કેદીઓને તત્કાળ બિનશરતી મુક્ત કરવા.

કલમઃ 22 – યુએન તથા રાષ્ટ્રીય અને આંતરરાષ્ટ્રીય માનવ અધિકાર સંગઠનોના નિદર્શન હેઠળ એક સમિતિની રચના કરવી જોઇએ જે, બલોચિસ્તાનમાં લાપતા થયેલા તમામ લોકોની સ્થિતિ અંગે તપાસ કરે અને આવા અપરાધ કરનાર તમામ સામે આંતરરાષ્ટ્રીય કોર્ટમાં કેસ ચાલવો જોઇએ.

કલમઃ 23 – ઘર્ષણ ટાળવા માટેનો ઠરાવ (એ) બલોચિસ્તાન ઉપર ગેરકાયદે કબજો ધરાવનાર તમામ પરિબળોએ બલોચ ભૂમિ પરથી બિનશરતી પાછા હઠવું જોઇએ. અન્યથા આ ગેરકાયદે કબજાનો અંત લાવવા બલોચિસ્તાનમાં દખલગીરી કરવાની આંતરરાષ્ટ્રીય સમુદાયની કાનૂની અને નૈતિક જવાબદારી છે. (બી) કબજો કરનાર પરિબળો પાછા ખેંચાયા પછી આંતરરાષ્ટ્રીય સમુદાયે બલોચિસ્તાનની સરહદ સલામત કરવા તથા રાજકીય અને કાનૂની સંસ્થાઓ સ્થાપવામાં મદદ કરવી જોઇએ. (સી) બલોચિસ્તાનની વચગાળાની સરકાર 24 મહિનામાં સામાન્ય ચૂંટણી યોજશે અને રાજકીય સત્તા ચૂંટાયેલા સભ્યોને સોંપી દેશે.

કલમઃ 24 – તમામ આંતરરાષ્ટ્રીય મિડિયા, માનવ અધિકાર સંગઠનો તેમજ સહાય એજન્સીઓને કબજા હેઠળના બલોચિસ્તાનના તમામ ભાગમાં કોઈ પ્રતિબંધ વિના અવરજવરની મંજૂરી હોવી જોઇએ.

કલમઃ 25 – સ્વતંત્રતા માટેની ચળવળ તથા સશસ્ત્ર સંઘર્ષ સંદર્ભે કબજો કરનાર રાજ્યો અંગે ચોથી જીનિવા સમજૂતીમાં નિર્ધારિત કરવામાં આવેલા નિયમોનું સંપૂર્ણ પાલન થવું જોઇએ.

**ભાગ – 5: બંધારણીય કાયદો અને ન્યાય**

કલમઃ 26 – લોકશાહી પ્રજાસત્તાક બલોચિસ્તાન આધુનિક સેક્યુલર અને લોકશાહી બંધારણ તૈયાર કરશે અને તેનો અમલ કરશે.

કલમઃ 27 – સ્વતંત્ર બલોચિસ્તાનમાં કોઇપણ નામ હેઠળ આપખૂદ રાજકીય સિસ્ટમ મક્કમપણે અને સંપૂર્ણરીતે નકારી કાઢવામાં આવશે.

કલમઃ 28 – બલોચિસ્તાનની રાજકીય સિસ્ટમનો આધાર સ્પષ્ટપણે અંગત સ્વતંત્રતા, વિચાર અને વાણીની સ્વતંત્રતા, પ્રતિનિધિત્વ સરકાર તથા સ્વતંત્ર ન્યાયતંત્રના સિદ્ધાંતો ઉપર આધારિત રહેશે. આ સિદ્ધાંતોના સાચા અમલથી એ સુનિશ્ચિત થશે કે સ્વતંત્ર બલોચિસ્તાન દેશ કોઇપણ પ્રકારની આપખૂદશાહી તથા લોકપ્રતિનિધિત્વ વિનાની રાજકીય સિસ્ટમનો ભોગ નહીં બને.

કલમઃ 29 – કાયદા સમક્ષ સમાનતાનો સિદ્ધાંત એ બલોચિસ્તાનના બંધારણમાં અગત્યનું કેન્દ્રીય પાસું હશે. આ કાયદા અનુસાર કાનૂની પરવાનગી વિના કોઇપણ વ્યક્તિ અન્ય વ્યક્તિની સ્વતંત્રતા, પ્રાઇવસી તથા મિલકતમાં પ્રવેશી નહીં શકે.

કલમઃ 30 – મુક્ત અને સ્વતંત્ર ન્યાયતંત્ર વિના સ્વતંત્રતા, ન્યાય, શાંતિ અને વ્યવસ્થાની જાળવણી, સલામતી, વાણી સ્વાતંત્ર્ય સંભવી ન શકે. બલોચિસ્તાનમાં અદાલતી સિસ્ટમનું સંચાલન સ્વતંત્ર રહેશે. ન્યાયતંત્રની સ્વતંત્રતા સમગ્ર વ્યવસ્થા ઉપર દેખરેખ અને નિયંત્રણ રાખી શકે. તેના દ્વારા કાયદાનું શાસન ટકી રહે તે માટે આપખૂદશાહી, શાસકીય જોરજુલમ, ગેરવહીવટ તથા અન્યાય ઉપર નિયંત્રણ રખાશે.

કલમઃ 31 – બલોચિસ્તાનમાં ન્યાય અને સમાનતા હાંસલ કરવા અદાલતો મુક્ત અને ન્યાયી રીતે કામ કરશે.

કલમઃ 32 – લોકશાહી પ્રજાસત્તાક બલોચિસ્તાનમાં ન્યાયી કાનૂની કાર્યવાહીના સિદ્ધાંતનું બિનશરતી સંરક્ષણ થાય તેને સર્વોચ્ચ મહત્ત્વ આપવામાં આવશે. ગેરકાનૂની પ્રવૃત્તિ કરનાર પ્રત્યેક શકમંદને સ્વતંત્ર અને પારદર્શી ટ્રિબ્યુનલ દ્વારા સુનાવણીની યોગ્ય તક આપવામાં આવશે. નિર્દોષતાની ધારણાનો સિદ્ધાંત તમામ શકમંદો ઉપર લાગુ પડે છે. તમામ શકમંદોને પોતાના બચાવની તક મળે તે માટેની શક્ય તેટલી ખાતરી આપવામાં આવશે. પ્રત્યેક શકમંદને પોતાના કેસની ઉપલી અદાલત દ્વારા સમીક્ષા માટે અપીલ કરવાનો હક રહેશે.

કલમઃ 33 – બલોચિસ્તાનની ન્યાય વ્યવસ્થામાં કુદરતી ન્યાયનો સિદ્ધાંત પાયામાં રહેશે. આ માટેના પ્રથમ નિયમ અનુસાર કોઇપણ વ્યક્તિ તેમના પોતાના કેસનો જાતે નિર્ણય લઈ નહીં શકે. જજ પારદર્શી હોય તો જ સાચો અને ન્યાયી અદાલતી નિર્ણય આવી શકે. કુદરતી ન્યાયનો બીજો નિયમ કહે છે કે, દરેકને પોતાનો બચાવ કરવાનો અધિકાર હોવો જ જોઇએ. શકમંદ વ્યક્તિને પોતાનો પક્ષ રજૂ કરવાની તક ન મળે એ કુદરતી ન્યાયના સિદ્ધાંત વિરુદ્ધ ગણાય.

કલમઃ 34 – બલોચિસ્તાનમાં દરેક વ્યક્તિનું એક સમાન કાનૂની અધિકારોથી રક્ષણ થશે. કાયદા હેઠળ એવા તમામ લોકોને સમાન રક્ષણ આપવામાં આવશે જેમનું કાયદા હેઠળ સ્વતંત્રતાનું ઉલ્લંઘન થયું હોય. આ સંદર્ભમાં સંરક્ષણની જે બાબતોને સામેલ કરવામાં આવશે તેમાં, (એ) સ્વ-રક્ષણ, (બી) હુમલા બદલ અદાલતી અથવા વહીવટી પગલાં, (સી) ખોટી ધરપકડ, ખોટી કેદ સામે પગલાંનો અધિકાર, (ડી) ધરપકડ થાય તો જામીનનો અધિકાર તથા હેબિઅસ કોર્પસનો અધિકાર.

કલમઃ 35 – જીવનનો અધિકાર એ પ્રત્યેક વ્યક્તિનો સૌથી મૂળભૂત અધિકાર છે અને એ કોઈ પાસેથી છીનવી શકાય નહીં. ફાંસી, મૃત્યુદંડ, અત્યાચાર અથવા એવા બીજા કોઇપણ માનવીય કે અમાનવીય કૃત્યો દ્વારા એકપક્ષી રીતે જીવનથી વંચિત કરવામાં આવે તે માનવતાની મૂળભૂત ભાવના તેમજ બલોચ નૈતિક સિદ્ધાંત અને મૂલ્યોથી વિરુદ્ધના છે. આવાં પગલાં લોકશાહી પ્રજાસત્તાક બલોચિસ્તાનમાં નિશ્ચિત રીતે અને સંપૂર્ણપણે પ્રતિબંધિત કરવામાં આવશે.

### ભાગ – 6: ભેદભાવની વિરુદ્ધમાં અને સમાનતા માટે

કલમઃ 36 – મુક્ત અને લોકશાહી બલોચિસ્તાન ભ્રષ્ટાચાર વિરુદ્ધ આકરું અને કઠોર વલણ અખત્યાર કરશે અને બધા સ્તરેથી ભ્રષ્ટાચાર નાબૂદ કરવા તમામ પ્રયાસ કરશે.

કલમઃ 37 – એક જવાબદાર દેશ તરીકે અસરકારક અને ફરજપૂર્ણ કામગીરી કરવા માટે સક્ષમ, પારદર્શી તથા જવાબદાર સંસ્થાઓની જરૂર પડે. આ ધ્યેય હાંસલ કરવા માટે જાહેર સ્પર્ધામાં ગુણવત્તાના આધારે નક્કી થયેલા સરકારી કર્મચારીઓની સ્થાનિક તેમજ રાષ્ટ્રીય સરકારમાં નિમણૂક કરવામાં આવશે. ઉપરાંત, સરકારી કર્મચારીઓએ બિન-રાજકીય અને સંતુલિત રહેવું પડશે. એ પાછળનો આશય એ છે કે તેઓ ચૂંટાયેલી અલગ અલગ સરકારો હેઠળ ભેદભાવ વિના અને ન્યાયી રીતે કામ કરી શકશે.

કલમઃ 38 – મુક્ત બલોચિસ્તાન જાતિ(લિંગ), પૃષ્ઠભૂ, શ્રદ્ધા, ઉંમર તથા વંશીય ઓળખ જેવા આધાર પર થતા કોઇપણ ભેદભાવ વિરુદ્ધની લડતને મંજૂર રાખશે. બલોચિસ્તાનમાં તમામ વંશીય તેમજ ધાર્મિક લઘુમતીઓને બાકીની તમામ પ્રજાની જેમ જ તેમના ધર્મનું અનુસરણ કરવાના તેમજ તેમની ભાષા અને પરંપરાઓનું જતન કરવાના સમાન અધિકાર રહેશે.

કલમઃ 39 – સ્વતંત્ર બલોચિસ્તાન- શિક્ષણ, આરોગ્ય તેમજ કાનૂની રક્ષણ મેળવવાના અધિકાર માટે સમાન તકના સિદ્ધાંત અનુસાર કામગીરી કરશે. સમાન તકોનો અમલ જાહેર રીતે, પારદર્શી અને જવાબદેહીતા સાથે કરવામાં આવશે. આ વ્યવસ્થાનું સંચાલન પારિવારિક સંબંધો, સગાવાદ અને તરફેણને બદલે વ્યક્તિગત આવડતના સિદ્ધાંત અનુસાર થશે.

કલમઃ 40 – બલોચિસ્તાન શિક્ષણને ટોચની પ્રાથમિકતા આપશે. 16 વર્ષની ઉંમર સુધીનાં બાળકો માટે શિક્ષણ ફરજિયાત અને મફત રહેશે. બલોચિસ્તાન સરકાર એ સુનિશ્ચિત કરવા નક્કર પગલાં લેશે કે તમામ બાળકોને અર્થપૂર્ણ શૈક્ષણિક વ્યવસ્થા ઉપલબ્ધ હોય, સુલભ હોય, સાનુકૂળ હોય તથા સ્વીકાર્ય હોય. વિદ્યાર્થીઓનું શારીરિક તથા માનસિક ગૌરવ જળવાય તથા તેમની કુશળતા, ક્ષમતા તેમજ સંભાવનાઓનો પૂરો વિકાસ થાય એવી બાબતોને પ્રાથમિકતા આપવામાં આવશે.

**ભાગ – 7: સ્વતંત્રતા પછી**

કલમઃ 41 – સ્વતંત્ર બલોચિસ્તાન સભ્ય, ઉદાર, સહિષ્ણુ તથા લોકશાહી સમાજ હશે જ્યાં તમામ વ્યક્તિને કાયદા અનુસાર સમાન ગણવામાં આવશે.

કલમઃ 42 – દેશ તરીકે બલોચિસ્તાનનો પાયો માનવ અધિકારો, સ્વતંત્રતા, લોકશાહી તથા કાયદાનું શાસન રહેશે. તે લોકશાહી તથા વ્યક્તિગત સ્વતંત્રતાનું રક્ષણ કરશે જેમાં મુક્ત અને બહુપક્ષીય ચૂંટણી, વિરોધ કરવાનો અધિકાર, વાણી સ્વાતંત્ર્ય અને પ્રેસ વગેરેનો સમાવેશ થાય છે જેનો ઉલ્લેખ યુએન યુનિવર્સલ ડિક્લેરેશન ઑફ હ્યુમન રાઇટ્સ તથા ઇન્ટરનેશલ કન્વેન્શન ઑન સિવિલ એન્ડ પોલિટિકલ રાઇટ્સમાં કરવામાં આવેલો છે.

કલમઃ 43 – જાહેર અને પારદર્શી ચૂંટણી વિનાની કોઇપણ સરકારને બલોચિસ્તાનમાં માન્ય અને લોકશાહી ગણવામાં નહીં આવે. કોઇપણ રાજકીય સિસ્ટમની છેવટની સર્વોચ્ચ સત્તા બલોચિસ્તાનની પ્રજાના હાથમાં રહેશે. મતદારો માત્ર ગુપ્ત મતદાન દ્વારા રાજકીય સાર્વભૌમિકતાની માન્યતા નક્કી કરશે.

કલમઃ 44 – મુક્ત અને સ્વતંત્ર બલોચિસ્તાન બંધારણીય સંસદીય રાજકીય વ્યવસ્થા અપનાવવાનું લક્ષ્યાંક રાખે છે. એવી રાજકીય વ્યવસ્થા સ્વતંત્ર કાનૂની સિસ્ટમ હેઠળ કાર્યરત રહેશે જેમાં એક વ્યક્તિ એક મતના સિદ્ધાંત હેઠળ મુક્ત અને ન્યાયી ચૂંટણી યોજાશે.

કલમઃ 45 – બલોચિસ્તાન રાષ્ટ્રીય ધારાસભા (બલોચિસ્તેન મઝનેન દિવાન) બલોચ રાષ્ટ્રની લોકશાહી ભાવનાનું સર્વોચ્ચ સ્થાન રહેશે. રાષ્ટ્રીય ધારાસભાના સભ્યોની ચૂંટણી મુક્ત, જાહેર તથા પારદર્શી ચૂંટણી પ્રક્રિયા દ્વારા થશે. રાષ્ટ્રીય ધારાસભા બલોચિસ્તાનના પુરુષો તથા મહિલાઓની બનેલી પ્રતિનિધિસભા હશે.

કલમઃ 46 – બલોચિસ્તાન રાષ્ટ્રીય ધારાસભા સત્ય, ન્યાય, સન્માન તથા વિશ્વાસના સર્વોચ્ચ શિખર સમાન હશે. બલોચિસ્તાનમાં તે સર્વોચ્ચ સંસ્થા રહેશે જે બલોચિસ્તાનની પ્રજાના

લોકશાહી અધિકારોની ખાતરી આપશે તથા તેનું રક્ષણ કરશે. તે કોઇપણ પ્રકારની આપખૂદ રાજકીય વ્યવસ્થા વિરુદ્ધ સંરક્ષક તરીકે કાર્ય કરશે.

કલમઃ 47 – એક્ઝિક્યુટિવ, વડાપ્રધાન તથા કેબિનેટ પ્રધાનો બલોચિસ્તાન રાષ્ટ્ર વતી સરકારી સેવાની સાથે મળીને કામગીરી કરશે. રાષ્ટ્રના આ તમામ હોદ્દેદારો તેમની કામગીરી માટે બલોચિસ્તાન રાષ્ટ્રીય ધારાસભા (બલોચિસ્તેન મઝનેન દિવાન)ને અને છેવટે બલોચિસ્તાનની પ્રજા પ્રત્યે જવાબદાર રહેશે.

કલમઃ 48 – એક સફળ લોકશાહી રાજકીય વ્યવસ્થામાં એક સરકારમાંથી બીજી ચૂંટાયેલી સરકારમાં પરિવર્તન માટે અસરકારક અને સ્થિર પદ્ધતિ હોવી જરૂરી છે. બલોચિસ્તાનમાં એક સરકારમાંથી બીજી સરકારમાં સરળ પરિવર્તન થઈ શકે તે માટે એક નિરંતર તંત્ર હશે જ્યાં, (એ) રાષ્ટ્રીય ધારાસભામાં બહુમતી મેળવનાર રાજકીય પક્ષ સરકાર રચશે, (બી) ચૂંટાયેલી રાષ્ટ્રીય ધારાસભા તેની બંધારણીય મુદત પૂરી કરશે; ચૂંટાયેલી રાષ્ટ્રીય ધારાસભા બંધારણીય જોગવાઈ હેઠળ તેની મુદત પૂરી કરે તે પહેલાં તેનું વિસર્જન ગેરકાયદે ગણાશે, સિવાય કે ચૂંટાયેલા 2/3 (બે તૃતિયાંશ) સભ્યો રાષ્ટ્રીય ધારાસભાનું વિસર્જન કરવા માગતા હોય, (સી) ચૂંટાયેલી રાષ્ટ્રીય ધારાસભા તેની બંધારણીય મુદત પૂરી કરે ત્યારબાદ રાષ્ટ્રના વડા દ્વારા પુનઃચૂંટણી માટે વિસર્જિત કરવામાં આવશે. આ કલમના તમામ ભાગની વિગતવાર સમજૂતી બલોચિસ્તાનના બંધારણમાં કરવામાં આવશે.

કલમઃ 49 – બલોચિસ્તાન રાષ્ટ્રીય લશ્કરની રચના સરમાચરન (સશસ્ત્ર બલોચ મુક્તિ સંગઠનો)ના વિવિધ જૂથોમાંથી કરવામાં આવશે. બલોચિસ્તાન રાષ્ટ્રીય લશ્કર ચૂંટાયેલા નાગરિકોની રાજકીય સત્તાનું સહાયક એકમ રહેશે. બલોચિસ્તાન રાષ્ટ્રીય લશ્કરના વ્યાપ અને ફરજનું નિર્ધારણ રાષ્ટ્રીય ધારાસભા, બલોચિસ્તાનના બંધારણ તથા આંતરરાષ્ટ્રીય કાયદા અનુસાર થશે. લશ્કર બલોચિસ્તાન રાષ્ટ્ર, ન્યાયતંત્ર, સિવિલ સોસાયટી તથા મિડિયા દ્વારા તપાસને આધિન રહેશે તથા તેને જવાબદેહ રહેશે. લશ્કરની પ્રાથમિક ફરજ બલોચિસ્તાનના પ્રાદેશિક સંરક્ષણની રહેશે. બલોચિસ્તાન સશસ્ત્ર દળના સભ્યો સેવામાં હોય ત્યાં સુધી રાજકારણ, વ્યાપારી તેમજ અન્ય કોઈ રોજગારલક્ષી પ્રવૃત્તિમાં ભાગ લઈ શકશે નહીં.

કલમઃ 50 – લાઇસન્સ વિનાનાં શસ્ત્રો રાખવા તથા કોઇપણ પ્રાઇવેટ આર્મી ગેરકાયદે ગણાશે.

કલમઃ 51 – વિદેશી સત્તાઓ દ્વારા બલોચિસ્તાન ઉપર ગેરકાયદે કબજો કરવાને કારણે સમાજ વિભાજિત થયો છે, ભ્રષ્ટાચાર અને નશીલી દવાઓનો દૂરુપયોગ, ધાર્મિક કટ્ટરવાદ તથા અસહિષ્ણુતા, દુષ્કાળ, બીમારી, રોગચાળો, મહામારી વ્યાપક છે. ગંભીર રીતે વિખેરાયેલા આ

સમાજની પુનઃસ્થાપના માટે તથા દાયકાઓ જૂની ફરિયાદો, સંઘર્ષ, આર્થિક તેમજ સામાજિક ભેદભાવો દૂર કરવા બલોચિસ્તાનની સરકાર યોગ્ય સ્વતંત્ર સમિતિઓની રચના કરશે. આ સમિતિઓ વિવિધ સામાજિક જૂથો સાથે સંકલન કરીને કામગીરી કરશે જેથી પ્રજાની આર્થિક તેમજ સામાજિક સ્થિતિમાં સાર્વત્રિક સુધારો કરી શકાય. તમામ સામાજિક જૂથોને નિર્ણય પ્રક્રિયામાં સામેલ કરને તેમને સશક્ત બનાવવાના તમામ પ્રયાસ કરવામાં આવશે, જેથી તેઓ સમાજના સર્વગ્રાહી ઉદ્ધાર માટે કામગીરી કરે.

**ભાગ – 8: બલોચિસ્તાનનું સાર્વભૌમ રાષ્ટ્ર**

કલમઃ 52 – બલોચિસ્તાનનું અનેક ભાગમાં વિભાજન એ બ્રિટિશ શાસનનો વારસો છે. બલોચ લિબરેશન સ્ટ્રગલનું અંતિમ ધ્યેય બલોચિસ્તાનના વિભાજિત પ્રદેશોને પુનઃ એક કરવાનું તથા એક બલોચ રાષ્ટ્રને પૂર્ણ સાર્વભૌમત્વ આપવાનું છે.

કલમઃ 53 – બલોચિસ્તાન રાષ્ટ્રની પ્રાથમિક ફરજો અને કામગીરી આ પ્રમાણે રહેશેઃ બાહ્ય આક્રમણથી બલોચિસ્તાનનું રક્ષણ કરવું, આંતરિક કાયદો-વ્યવસ્થાની જાળવણી કરવી, ન્યાયપૂર્ણ વહીવટ, કલ્યાણલક્ષી સેવાઓની જોગવાઈ તથા વિદેશ સંબંધો બાંધવા અને કેળવવા.

કલમઃ 54 – બલોચિસ્તાનમાં હાલ ટકાઉ અને કાર્યરત સામાજિક તથા આર્થિક માળખું નથી. દાયકાઓથી ગેરકાયદે કબજો હોવાને કારણે બલોચિસ્તાનમાં માળખાકીય સુવિધાઓ નબળી છે, મૂડીરોકાણનો અભાવ છે તથા શોષણ થાય છે. બલોચિસ્તાનની સરકારની તાકીદની જવાબદારી પર્યાવરણને સાનુકૂળ એવી સક્ષમ માળખાકીય સુવિધાઓનું આયોજન, વિકાસ, સંચાલન, સપોર્ટ અને પ્રમોટ કરવાની રહેશે. બલોચિસ્તાનની સરકાર કાર્યરત માળખું પૂરું પાડશે, વિકસાવશે, જાળવણી કરશે તથા નિયમન કરશે. માળખાકીય સુવિધાઓની સૌથી અગત્યની બાબતોમાં સંદેશાવ્યવહાર, પરિવહન, સ્ટોરેજ, વીજ ઉત્પાદન અને વિતરણ, વીજળીકરણ, સ્વચ્છ પાણી તથા સેનિટેશન સેવાઓનો સમાવેશ થાય છે. આ યાદીમાં ઉમેરવા જેવી અન્ય પ્રવૃત્તિઓમાં વિજ્ઞાન અને ટેકનોલોજીમાં નિયમિત રોકાણ, સામાજિક, સાંસ્કૃતિક તેમજ કાનૂની સંસ્થાઓનો સમાવે થાય છે. આ પાયાની સુધારાજનક પ્રવૃત્તિઓ આર્થિક વિકાસ માટે ટકાઉ આધાર માટેનું વાતાવરણ પૂરું પાડશે. તેનાથી અર્થતંત્રના તમામ ક્ષેત્રમાં સ્રોતો મેળવવાનું સુનિશ્ચિત થશે અને તેને પ્રોત્સાહન મળશે. બલોચિસ્તાનમાં સફળ અને ટકાઉ અર્થતંત્ર તથા નાગરિક સમાજનો આધાર છેવટે આર્થિક અને સામાજિક માળખાની વિશ્વસનીયતા ઉપર છે.

કલમઃ 55 – બલોચિસ્તાનમાં તમામ નાગરિકો બલોચિસ્તાનના કોઇપણ ભાગમાં પ્રવાસ કરવા, વ્યાપાર સ્થાપવા અથવા કામ કરવા માટે મુક્ત છે. કોઇપણ વ્યક્તિને પ્રવાસના અધિકાર,

વ્યવસાયની પસંદગી, કામના સ્થળ તથા કામ અને રોજગારીના તેમના અધિકારો માટે ઓછા આંકવામાં નહીં આવે.

કલમઃ 56 – બલોચિસ્તાનના તમામ કુદરતી સ્રોતો બલોચિસ્તાનની પ્રજાના હકના છે. આ સ્રોતોનું સંચાલન અને નિયમન બલોચિસ્તાન રાષ્ટ્ર દ્વારા કરવામાં આવશે. તેનો ઉપયોગ બલોચિસ્તાનમાં રહેતા લોકોના કલ્યાણ માટે કરવામાં આવશે. બીજા કોઇપણ દેશને આ સ્રોતોનો ઉપયોગ તેમના પોતાના લાભ અને હિત માટે કરવાનો અધિકાર ન હોવો જોઇએ.

કલમઃ 57 – બલોચિસ્તાનમાંથી મેળવવામાં આવતા તમામ કુદરતી સ્રોતો માટે બલોચિસ્તાન તથા અન્ય દેશો વચ્ચેનો વેપાર આંતરરાષ્ટ્રીય તથા સ્થાનિક બજાર ભાવો મુજબ થશે.

કલમઃ 58 – બલોચિસ્તાનની સરકાર સામાજિક સલામતી અને કલ્યાણ રાજ્ય માટેની સુગ્રથિત વ્યવસ્થા દાખલ કરવા જવાબદાર છે. આ સેવાઓમાં રાષ્ટ્રીય આરોગ્ય સેવા, કલ્યાણ સેવા, બીમારી અને બેરોજગાર લાભનો સમાવેશ થાય છે.

કલમઃ 59 – મુક્ત અને લોકશાહી બલોચિસ્તાન રાષ્ટ્ર બલોચિસ્તાનમાં વસતા તમામ નબળા અને પ્રતિનિધિત્વ વિનાના સામાજિક જૂથના રક્ષણ માટે જવાબદાર છે. આ જૂથોમાં બાળકો, સિનિયર સિટિઝન તથા તમામ દિવ્યાંગોનો સમાવેશ થાય છે. આ સામાજિક જૂથો માટે આર્થિક અને રાજકીય સલામતી પૂરી પાડવા બલોચિસ્તાન જવાબદાર રહેશે જેથી તેમની સામાજિક, રાજકીય તથા આર્થિક સ્થિતિમાં સુધારો થાય અને તેઓ અન્ય નાગરિકોને જેમ સમાન અધિકારો તથા તકોનો લાભ ઉઠાવી શકે.

કલમઃ 60 – જાહેર સામગ્રીની સક્ષમ અને પૂરતી જોગવાઈ બલોચિસ્તાન સરકારની મુખ્ય જવાબદારીઓ પૈકી એક રહેશે. આ સામગ્રીની જોગવાઈ જાહેર અને પારદર્શી રીતે થવી જોઇએ. આવી સામગ્રી તેમજ સેવાઓની જોગવાઈમાં બિનકાર્યક્ષમતા તથા જાહેર નાણાના દૂરુપયોગ માટે સરકાર જવાબદાર ગણાશે.

કલમઃ 61 – છેલ્લા દાયકાઓ દરમિયાન બલોચિસ્તાનના લોકો વિરુદ્ધ બધી રીતે કરવામાં આવેલા અપરાધની તપાસ માટે સ્વતંત્ર બલોચિસ્તાન રાષ્ટ્ર સ્વતંત્ર અને મુક્ત ન્યાયિક અદાલતની સ્થાપના કરવા જવાબદાર રહેશે. એવા અપરાધમાં સંડોવાયેલા લોકો સામે કાનૂની પગલાં લેવામાં આવશે તથા એ અપરાધનો ભોગ બનેલા લોકોને વળતર આપવામાં આવશે.

કલમઃ 62 – બલોચિસ્તાન ઉપર કબજો કરીને તેના કુદરતી સ્રોતોનો દૂરુપયોગ કરનાર તેમજ લૂંટ કરનાર દેશો પાસેથી સ્વતંત્ર બલોચિસ્તાન રાષ્ટ્ર વળતરની માગણી કરશે.

કલમઃ 63 – મુક્ત અને લોકશાહી બલોચિસ્તાન રાષ્ટ્રીય, પ્રાદેશિક તથા વિશ્વ શાંતિ અને આર્થિક પ્રગતિ માટે શ્રદ્ધાપૂર્વક કામગીરી કરશે. તે વિશ્વશાંતિ માટે કામ કરતા માનવ અધિકાર સંગઠનો તથા અન્ય સંસ્થાઓની સાથે મળી સક્રિય કામગીરી કરશે. તે આંતરરાષ્ટ્રીય કાયદા અને નિયમોનું પાલન કરવામાં મક્કમ પણે માને છે, તથા તમામ પાડોશીઓ સાતે શાંતિપૂર્ણ અસ્તિત્વને પ્રોત્સાહન આપશે, તેમના અધિકારોનું સન્માન કરશે તથા પરસ્પર હિત અને આર્થિક સમૃદ્ધિના પ્રયાસોમાં સહકાર આપશે.

કલમઃ 64 – બલોચિસ્તાન રાષ્ટ્ર એક ભંડોળની સ્થાપના કરશે જેથી આપણી માતૃભૂમિની મુક્તિ માટે જે લોકોએ ભોગ આપ્યો હોય તેમના પરિવારના સભ્યોને સહાય કરી શકાય.

**ભાગ – 9: સમાજ, અર્થતંત્ર તથા પર્યાવરણ**

કલમઃ 65 – બલોચ ભાષાઓ બલોચી તથા બ્રાહુઈ બલોચિસ્તાનની રાષ્ટ્રીય ભાષાઓ રહેશે. બીજા ક્રમની સત્તાવાર ભાષા તથા આંતરરાષ્ટ્રીય કોમ્યુનિકેશનના માધ્યમ તરીકે અંગ્રેજી રહેશે.

કલમઃ 66 – બલોચિસ્તાન મિશ્ર અર્થતંત્ર અપનાવશે જ્યાં અર્થતંત્રના વ્યક્તિગત, જાહેર તથા સ્વૈચ્છિક ક્ષેત્રો દેશના કાયદાના માળખામાં અને તેને અનુરૂપ કામગીરી કરશે જેથી બલોચિસ્તાનના નાગરિકોના કલ્યાણનો હેતુ સિદ્ધ થાય.

કલમઃ 67 – "મા ચોકેન બોલોચની" એ બલોચ લિબરેશન સ્ટ્રગલનું સ્તુતિ ગીત છે. સાર્વભૌમ બલોચિસ્તાનના રાષ્ટ્રગીતની પસંદગી અને માન્યતા વચગાળાની સરકાર અથવા પ્રથમ ચૂંટાયેલી રાષ્ટ્રીય ધારાસભા દ્વારા કરવામાં આવશે.

કલમઃ 68 – બલોચ લિબરેશન સ્ટ્રગલનો જે ધ્વજ સ્વીકારવામાં આવ્યો છે તે ત્રણ ભાગમાં છે. ફરકાવવાની જગ્યા બ્લુ શેવરોન આકાર છે જેમાં વચ્ચે એમ્બલેમ તરીકે સ્ટાર છે. શેવરોનથી ફ્લાય તરફ બે અલગ ભાગ પડે છે. એક ભાગ લાલ અને બીજો ભાગ લીલો છે. સાર્વભૌમ બલોચિસ્તાનના રાષ્ટ્રીય ધ્વજનો નિર્ણય અને મંજૂરી પ્રથમ બલોચિસ્તાન રાષ્ટ્રીય ધારાસભા દ્વારા લેવામાં આવશે.

કલમઃ 69 – સ્વતંત્ર બલોચિસ્તાન તેની અધિકૃત ઐતિહાસિક અને ભૌગોલિક સરહદ પરત મેળવશે જે પ્રથમ વખત મીર નાસિર ખાનના બલોચ સાર્વભૌર રાષ્ટ્ર વખતે નિર્ધારિત થઈ હતી.

કલમઃ 70 – આપણી સ્વતંત્રતા ચળવળના રાષ્ટ્રીય હીરો તથા આપણી સ્વતંત્રતા માટે તેમના બલિદાનને યાદ કરવા માટે 13 નવેમ્બરને રાષ્ટ્રીય દિવસ તરીકે પસંદ કરવામાં આવ્યો છે. 1839માં આ દિવસે બ્રિટિશ સામ્રાજ્યના લશ્કરી આક્રમણ દરમિયાન મીર મેહરાબ ખાન તથા બીજા અસંખ્ય સૈનિકોએ જીવ ગુમાવ્યા હતા.

કલમઃ 71 – અન્ય જીવંત પશુ-પ્રાણીઓના અધિકારો તથા કલ્યાણનું સન્માન તથા તેમના પ્રત્યે યોગ્ય ધ્યાન આપ્યા વિના કોઇપણ સમજાય માનવીય અને સભ્ય ગણાય નહીં. મુક્ત અને લોકશાહી બલોચિસ્તાનમાં બલોચિસ્તાનની સરકાર એ સુનિશ્ચિત કરશે કે તમામ પ્રાણીઓની સંભાળ અને સંરક્ષણ આંતરરાષ્ટ્રીય પ્રાણી અધિકાર સમજૂતી અને ઠરાવો મુજબ થાય.

કલમઃ 72 – પૃથ્વી માતા વિના માનવજાત અથવા સભ્યતા શક્ય નથી. બલોચિસ્તાન રાષ્ટ્ર અને નાગરિકો કુદરતી પર્યાવરણના રક્ષણ, જતન અને સન્માન માટે પોતાનાથી બનતા તમામ પ્રયાસ કરશે અને કાળજી લેશે.

કલમઃ 73 – સ્વતંત્રતા પુનઃ પ્રાપ્ત થયા પછી તરત જ બલોચિસ્તાનમાંથી તમામ પરમાણુ પ્રવૃત્તિઓ સંપૂર્ણ નાબૂદ અને નષ્ટ કરવા માટે પગલાં લેવામાં આવશે. અગાઉ બલોચિસ્તાનમાં બલોચ પ્રજાની ઇચ્છા અને મંજૂરી વિના પરમાણુ પરીક્ષણ કરવામાં આવ્યા હતા. એ પરીક્ષણો પાકિસ્તાન દ્વારા બલોચિસ્તાનના રાસકોહ રેન્જમાં તથા ચાગી જિલ્લામાં 28 મે, 1998ના રોજ કરવામાં આવ્યા હતા. બલોચિસ્તાનના આ ક્ષેત્રમાં પર્યાવરણ તથા લોકો ઉપર થયેલી અસરોની સંયુક્ત રાષ્ટ્રો દ્વારા સ્વતંત્ર તપાસ માટે વિનંતી કરવામાં આવશે. રેડિયો એક્ટિવ ઝેરી તત્વોને કારણે જે વિસ્તારો પ્રદૂષિત થયા હતા ત્યાં સાફ કરવામાં આવશે તથા રેડિયેશનને કારણે એ વિસ્તારમાં રહેતા લોકો ઉપર થયેલી અસરની વૈજ્ઞાનિક તપાસ હાથ ધરવામાં આવશે. બલોચ પ્રજા વિરોધી આ અપરાધ માટે જે દેશ કારણભૂત હશે તેને જવાબદાર ઠેરવવામાં આવશે તેની વિરુદ્ધ આંતરરાષ્ટ્રીય વ્યવસ્થા હેઠળ ન્યાય માગવામાં આવશે. જે દેશ જવાબદાર ઠરશે તેની પાસેથી અસરગ્રસ્ત લોકો માટે વળતર પણ માગવામાં આવશે.

કલમઃ 74 – પ્રેશર જૂથો સ્વતંત્ર બલોચિસ્તાનનો આંતરિક અને અવિભાજ્ય ભાગરૂપ હશે. તેમને કાનૂની તથા આવશ્યક વૉચડૉગ તેમજ પરિવર્તન માટેના ડાયનેમિક પરિબળો તરીકે માન્યતા આપવામાં આવશે. સ્વતંત્ર બલોચિસ્તાન વૈવિધ્યને માન આપે છે અને તેની માન્યતાઓનો સ્વીકાર કરે છે.

કલમઃ 75 – કોઇપણ સમાજ કે દેશ તેની ઉદ્યમી અને જવાબદાર કાર્યરત પ્રજા વિના ટકી શકે નહીં અને વિકાસ પણ કરી શકે નહીં. સ્વતંત્ર બલોચિસ્તાન રાષ્ટ્ર હેઠળ કાર્ય સંસ્કૃતિને બલોચ સંસ્કૃતિ અને સમાજ વ્યવસ્થાના મુખ્ય સિદ્ધાંત તરીકે અપનાવવામાં આવશે. આ સિદ્ધાંત અર્થતંત્રના તમામ ક્ષેત્રમાં માર્ગદર્શક સિદ્ધાંત તરીકે કાર્ય કરશે.

**ભાગ – 10: વચગાળાનું બંધારણ**

કલમઃ *76* – આ ચાર્ટર અમલમાં આવવા સાથે બલોચિસ્તાનનું વચગાળાનું બંધારણ તૈયાર કરવા નિષ્ણાતોની એક સમિતિની રચના કરવામાં આવશે. આ બંધારણ બલોચ પ્રજાના મૂળભૂત અધિકારો તથા જવાબદારીઓનો સમાવેશ થશે જે આ ઠરાવમાં સામેલ કરવામાં આવ્યા છે. વચગાળાના બંધારણમાં એક આધુનિક લોકશાહી રાષ્ટ્ર તથા બલોચિસ્તાનના વિશિષ્ઠ ઇતિહાસ, સંસ્કૃતિ, સંજોગો તેમજ જરૂરિયાતો વગેરે બાબતોનો સમાવેશ કરવામાં આવશે.

કલમઃ *77* – વચગાળાનું બંધારણ મંજૂરી માટે બલોચિસ્તાન રાષ્ટ્રીય ધારાસભા (બલોચિસ્તેન મઝનેન દિવાન)માં રજૂ કરવામાં આવશે.

વિનમ્રતા અને સાદગી આપણા માટે દીવાદાંડી સમાન છે. અને તેથી આ દસ્તાવેજ અંતિમ શબ્દ હોવાનો દાવો નથી કરતા. આ તમામ સ્થળ અને સમય માટેની કોઈ વૈશ્વિક સૂચનાઓ કે પ્રિસ્ક્રિપ્શન નથી. આ માત્ર બલોચ પ્રજાના સ્વતંત્રતા અને સ્વાયત્તતા માટેના લોકશાહી અધિકારો પુનઃ મેળવવા માટેની યોજના અને માર્ગદર્શન છે.